# બીરબલે ઉપાય કર્યો

અકબરના દરબારમાત્ર એક વાળંદ. તે હંમેશાં બાદશાહના વાળ કાપે. વાળંદ રાજાને જાતભાતની વાતો કરે. બાદશાહને ખૂબ વહાલો. એક વાર તેણે કહ્યું ને બાદશાહએ માન્યું. બાદશાહએ તેને પ્રધાન બનાવ્યો. તે હવે રાજાના કામમાંય સલાહ આપે. બીજા પ્રધાનો અને દરબારીઓએ જોયું કે બાદશાહ વાળંદનું કહ્યું જ માને છે. તેથી રાજકાજમાં ભૂલો કરે છે. હવે ? તેમણે આ અંગે બીરબલને કહ્યું. બીરબલ કહે : ‘મને ખબર છે. પણ હું થોડી રાહ જોઉં છું. તક મળ્યે બાદશાહને કહીશ.’



બાદશાહનો એક નિયમ. તે રોજ ચોક્કસ સમયે મંદિરે જાય. બીરબલે બાદશાહ પાસે થોડા દિવસની રજા માંગી. બાદશાહએ આપી. બીરબલે મંદિર પાસે એક હોજ બનાવડાવ્યો. તેમાં નંખાવ્યું

દૂધ. પછી એક કાગડાને નવડાવવા બેઠા. બાદશાહના મંદિરે આવવાના સમયે થોડા પ્રધાનોને બોલાવ્યા. બધા ભેગા થઈ પેલા કાગડાને દૂધે નવડાવે. બાદશાહએ આ જોયું. ને હસવા લાગ્યા. કહે : ‘અરે ! મારા પ્રધાનો આટલા મૂર્ખ ? દૂધે નવડાવો કે દૂધના હોજમાં ડુબાડી રાખો તોય કાગડો ધોળો ના થાય. બીરબલ ક્યાં ગયો ? અરે બીરબલ ! તું સમજાવ આ બધાને !’ એટલે બીરબલ હસતાં હસતાં કહે : ‘આ રહ્યો. જહાઁપનાહ ! પણ મને લાગે છે કે કાગડો ધોળો હંસ જરૂર થઈ શકે. કેમ ખરું ને બાદશાહ !’ બાદશાહ અકબર તો આ સાંભળી મૂંગા જ થઈ ગયા. બીજે દિવસથી વાળંદ દરબારમાં દેખાતો બંધ થઈ ગયો.

■